# ના, હું તુટી જવા માટે સર્જાયો નથી

(ચીન્તનની પળે)

– કૃષ્ણકાંત ઉનડકટ

સમંદર પી જવાની હરક્ષણે તાકાત રાખું છું, મને પડકાર ના, હું સજ્જ મારી જાત રાખું છું,
સહજ રીતે ઘટે છે સર્વ ઘટના ભીતર મારી, સતત જોયા કરું હું ને મને બાકાત રાખું છું.
–ત્રીલોક મહેતા

જીન્દગી કરવટ બદલતી રહે છે. રંગ બદલવા એ જીન્દગીની ફીતરત છે. એકધારું કંઈ પણ જીન્દગીને મંજુર નથી હોતું. જીન્દગીને હમ્મેશ બદલાવ (ઓલવેઝ ચેન્જ) જોઈએ છે. તમે જીન્દગીના આ સતત બદલાતા મીજાજ સાથે મનમેળ કરવા તૈયાર છો ? એક માછીમારે કહ્યું હતું કે, જીન્દગી તો હવા જેવી છે. પવન ક્યારે દીશા બદલે એ નક્કી હોતું નથી. આપણે એટલું જ કરવાનું હોય છે કે જ્યારે પવન બદલાય ત્યારે સઢ ફેરવી નાખવાનો હોય છે. પવન ભલે આપણા હાથની વાત નથી; પણ સઢ તો આપણા હાથમાં છેને ? જે સઢ નથી બદલતા એ ક્યારેય કીનારે નથી પહોંચતા. ઘણા તો મધદરીયે અને કેટલાંક તો કીનારે આવીને ડુબી જાય છે. જીન્દગી રંગ બદલે ત્યારે આપણે પીંછી અને કેનવાસ બદલીને નવા ચીત્રની શરુઆત કરવાની હોય છે.

જીન્દગીને ક્યારેય દોષ ન દો. જીન્દગીને દોષ દેવાનો કોઈ મતલબ નથી. જીન્દગી ક્યારેય દોષી હોતી જ નથી. ઘણી વખત આપણે તેને પુરી રીતે સમજતા નથી એટલે તેનો દોષ કાઢતા રહીએ છીએ. જીન્દગીએ તો ક્યારેય કહ્યું જ નથી કે હું એકસરખી રહીશ. યાદ રાખો, ક્યારેય કંઈ એકસરખું રહેવાનું નથી. ન પ્રેમ, ન દોસ્તી, ન સમ્બન્ધ, ન કરીયર, ન સફળતા. બધું જ બદલાતું રહેવાનું છે. આપણે પણ દરરોજ થોડા થોડા બદલાતા હોઈએ છીએ. માત્ર સારું જ નહીં; ખરાબ પણ બદલાતું રહેવાનું છે. નફરત, દુશ્મની કે નીષ્ફળતા પણ કાયમ રહેવાની નથી. આપણે બસ જે સમય હોય એને જીવી લેવાનો છે.

એક માણસ સંત પાસે ગયો. તેણે કહ્યું કે હું માંડ માંડ એક સરખું કરું ત્યાં બીજું તુટી જાય છે. એક મુસીબત પુરી ન થઈ હોય ત્યાં બીજી શરુ થાય છે. હું થાકી ગયો છું આ બધી જંજાળથી. સંત કંઈ જ ન બોલ્યા. બાજુના ખુણામાં એક કરોળીયો જાળું બનાવતો હતો. સંતે એક સળી લીધી અને કરોળીયાનું જાળું વીંખી નાંખ્યું. કરોળીયો દુર સરકી ગયો. થોડી વાર પછી આવીને પાછો જાળું બનાવવા લાગ્યો. થોડી વાર પછી પાછું સંતે જાળું વીંખી નાખ્યું. સંતે કહ્યું કે આ કરોળીયો મારો મીત્ર છે, એ મારો ગુરુ છે. આજે તેં જે રમત જોઈ એવી રમત અમે રોજ કરીએ છીએ. હું એનાં જાળાં વીખેરીને થાકી જાઉં છું; પણ એ નવું જાળું બનાવવાથી થાકતો નથી. ક્યારેય ભાગતો નથી કે ક્યારેય મને કરડવા દોડતો નથી. એક વખત એ કરોળીયો મને

સપનામાં આવ્યો. એ મારી સામે હસ્યો. મને કહ્યું કે, ‘કર તારે જે કરવું હોય તે, હું કંઈ થાકવાનો નથી. તું તારું કર્મ કર અને હું મારું કર્મ કરીશ. તું મારી જાળ વીખેરી શકે છે; પણ મારી જ જાળમાં મને ફસાવી નહીં શકે.’ મારી આંખ ખુલી ત્યારે એ કરોળીયો ફરીથી ખુણામાં એનું જાળું બનાવી રહ્યો હતો. કહે છેને, કરોળીયો નથી થાકતો; પણ માણસ થાકી જાય છે. પેલો માણસ સંતને વંદન કરીને ચાલ્યો ગયો. જતી વખતે એટલું જ બોલ્યો કે : ‘હું નહીં થાકું.’

માણસે સમય સાથે લડવાનું હોય છે. સમય મુજબ બદલાવાનું હોય છે. માણસ સમય મુજબ બદલાતો નથી; પણ રડતો હોય છે. સખત તડકો હોય ત્યારે માણસ છાંયો શોધે છે, કાતીલ ઠંડી હોય ત્યારે માણસ તડકો શોધે છે. જીન્દગીનું પણ આવું જ છે. તમારે સ્થળ, સંજોગ અને માનસીકતા બદલતાં રહેવાં પડે છે. દરેક ઘા ટટ્ટાર રહીને નથી રમાતા; કોઈક ઘા નીચા નમીને પણ ચુકવી દેવાના હોય છે.

સમય અલગ અલગ શસ્ત્ર લઈને તમારી સામે આવે છે. તમારે પણ શસ્ત્ર સામે એવું જ શસ્ત્ર વાપરવું પડે છે. પ્રાચીન સમયની વાત છે. એક રાજકુંવર યુદ્ધવીદ્યા શીખવા માટે ઋષીના આશ્રમે ગયા. ઋષીએ શસ્ત્ર ચલાવવાનું શીખવાડ્યું. ગુરુએ ભાલો લીધો અને રાજકુંવરને પણ ભાલો આપ્યો. થોડી વાર બંને દાવપેચ રમ્યા. અચાનક જ ગુરુએ ભાલો મુકીને તલવાર લઈ લીધી. રાજકુંવર ભાલાથી લડતો હતો; પણ તલવાર સામે તેનો મેળ ખાતો ન હતો. અચાનક રાજકુંવરે ભાલો મુકી તલવાર હાથમાં લઈ લીધી. ગુરુએ કહ્યું કે બસ, આ જ શીખવાનું છે. યુદ્ધ હોય કે જીન્દગી, સમય અને સંજોગ મુજબ તમારે શસ્ત્ર બદલવાનું હોય છે. ઠંડીમાં આપણે રેઈનકોટ પહેરતા નથી અને વરસાદમાં સ્વેટર પહેરીએ તો કોઈ મુર્ખ સમજે. બસ, આટલી વાત જે સમજી જાય છે એ ક્યારેય હારતો કે થાકતો નથી.

જીન્દગી સામે સવાલ ન કરો; કારણ કે જીન્દગી ખુદ જ સવાલ કરતી હોય છે. સવાલ સામે સવાલ કરવાથી જવાબ મળતો નથી. આપણે તો જીન્દગીને જવાબ જ આપવાના હોય છે. જે જવાબ નથી આપતો એ જ નાપાસ થાય છે. ખોટા જવાબ સામે જીન્દગીને વાંધો હોતો નથી; કારણ કે ખોટા જવાબોમાંથી જ કદાચ એક જવાબ સાચો પડવાનો છે. તમારે પાસ થવું છેને? તો જીન્દગીને જવાબો આપતા રહો. જવાબો શોધતા રહી બસ, એટલું જ નક્કી કરો કે જીન્દગીનો સવાલ સહેલો હશે કે અઘરો, હું હારવાનો કે નાપાસ થવાનો નથીઃ કારણ કે હું પાસ થવા જ સર્જાયો છું. તુટી જવું મને મંજુર નથી. જ્યાં સુધી તમે હારશો નહીં ત્યાં સુધી તમને કોઈ હરાવી શકતું નથી. શરણે થઈ જનારને ગુલામી ભોગવવી પડતી હોય છે.

માણસ પોતે મક્કમ હોય ત્યાં સુધી કોઈ તાકાત તેને નબળી પાડી શકતી નથી. એક જહાજનો કેપ્ટન હતો. ‘જીન્દગી અને સફળતાનું રહસ્ય શું?’ એવો પ્રશ્ન એક વખત તેને પુછવામાં આવ્યો. કેપ્ટને કહ્યું કે, ‘આ દરીયો અને મારું જહાજ જ એ રહસ્ય છે. દરીયો કેટલો વીશાળ છે? એ દરીયામાં મોજાં અને તોફાન આવતાં જ રહે છે. દરીયામાં અઢળક પાણી છે;

છતાં એ જહાજને ડુબાડી શકતું નથી. જહાજ ક્યારે ડુબે એ તમને ખબર છે? જ્યારે જહાજમાં કાણું પડી જાય ત્યારે. બહારનું પાણી તમે અંદર આવવા દો, તો ડુબી જાવ !'

બસ, આવું જ જીન્દગીનું છે. બહાર તો ઝંઝાવાત છે જ, તમારે એ ઝંઝાવાતથી ડરવાનું નથી, ધ્યાન એટલું જ રાખવાનું છે કે આપણામાં કોઈ ખામી ન રહેવી જોઈએ. આપણા જહાજમાં કાણું ન પડવું જોઈએ. માણસની મક્કમતા જ તેને જીવતો રાખે છે. જે દીવસે જરાકેય કાણું પડ્યું, તો ડુબવાની શરુઆત થઈ જાય છે. તમે માત્ર તમારા જહાજની ચીન્તા કરો. દરીયાની ઉપાધી કરવાની જરુર નથી. જેને પડકારો પ્રીય નથી, એનો પરાજય નીશ્ચીત છે. જીન્દગીને પડકાર કરો કે : તું તારે સવાલો કરતી રહે, હું જવાબ આપવા તૈયાર જ છું; કારણ કે હું તુટવા માટે સર્જાયો નથી.

## છેલ્લો સીન :

લોખંડ ગરમ હોય ત્યારે એને ટીપવું એવો એક નીયમ છે; પણ જ્યારે લોખંડ ગરમ ન હોય ત્યારે એને ટીપી ટીપીને ગરમ કરવાનું હોય છે. -ક્રોમવેલ

'સંદેશ' દૈનીકના તા. 17મી ફેબ્રુઆરી, 2013 રવીવારીય 'સંસ્કાર પુર્તી'માં લેખકની લોકપ્રીય કટાર, 'ચીંતનની પળે'માંથી સાભાર..

લેખકસમ્પર્ક :
Krishnkant Unadkat,
Executive Editor,
SANDESH (DAILY)
LAD SOCIATY ROAD, VASTRAPUR, AHMEDABAD – 380 015(India)
Mobile : 09825061787
eMail : kkantu@gmail.com Blog : www.krishnkantunadkat.blogspot.com
Facebook : https://www.facebook.com/kkunadkat Twitter : https://twitter.com/kkantu

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ : નવમું - અંક : 290 – February 23, 2014
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

@@@@@

# Happy Announcement

:: ૨૦૧૪ના પ્રજાસત્તાકદીને સપ્રેમ ભેટ ::

છેલ્લાં નવ વરસથી ચાલતી આ 'સન્ડે ઈ-મહેફીલ'ની 'સુવાચનયાત્રા'માં દેશ-વીદેશના **260** જેટલા સર્જકોની **275** જેટલી વીવીધ રચનાઓ પ્રકાશીત થઈ. ઘણા સમયથી તેને પુસ્તકાકારે પ્રસીદ્ધ કરવાની સુજ્ઞ વાચકોની જોરદાર માંગ હતી. સમ્પાદકમંડળે તે માટે ઉકેલ કર્યો કે તે સઘળી કૃતીઓની જમાનાની માંગ મુજબ **'ઈ-બુક્સ'** કરવી. તે મુજબ એક ઈ-બુકમાં ક્રમ અને તારીખ પ્રમાણેની પચીસ-પચીસ કૃતીઓ મુકવી. આમ થતાં તેવી **11** ઈ-બુક્સ બની છે. પીસી માટેની પીડીએફ સ્વરુપે છે અને આઈપૅડ વગેરે ઉપકરણો માટે ઈપબ સ્વરુપે. તેવી બધી ઈ-બુક્સ 'ગુજરાતીલેક્સિકોન'ની વેબ સાઈટ http://gujaratilexicon.com/ પર મુકવામાં આવી છે. ડાઉનલોડની આ લીંક : http://gujaratilexicon.com/e-books/ પરથી જરુરીયાત મુજબ આજથી જ તે ડાઉનલોડ કરી શકાશે.. આશા છે કે વાચનરસીયા ગુજરાતીઓને તે બધી વાતે સંતોષ અને આનંદ આપશે..

-સમ્પાદકો

More than 2,75,51,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than 26,55,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than 5,95,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

@@@@@@@@@